# <u>શેઠ ડી. એમ. પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર, મોડેલ ફાર્મ ખાતે નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ઓરીઅન્ટેશન કાર્યક્રમ યોજાયો.</u>

શેઠ ડી. એમ. પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર ખાતે તારીખ ૦૨.૧૨.૨૦૨૦ ના રોજ પ્રથમ વર્ષમાં પ્રથમ સેમેસ્ટરમાં નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ઓરીઅન્ટેશન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં તમામ સ્ટાફ તેમજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ મળીને કુલ ૪૫ વ્યક્તિઓ હાજર રહેલ હતા. સૌપ્રથમ એકેડેમિક ઇન્ચાર્જ ડો. વિ. કે. પટેલે તમામ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફનું સ્વાગત કરી કોલેજમાં ઉપલબ્ધ વિવિધ સુવિધાઓ જેવીકે કોમ્પ્યુટર લેબ, લાઇબ્રેરી, મ્યુઝિયમ, ડિજિટલ ક્લાસરૂમ, હોસ્ટેલ અને ફાર્મની માહિતી સાથે  એકેડેમિક ના નિયમો તથા NSS વિશે જાણકારી આપી. ડો. આઈ.એન ભાભોરે હોસ્ટેલને લગતા નિયમો તથા સ્કોલરશીપ વિશે માહિતી આપી હતી. શ્રી વિ. ડી. રાઠવાએ SRCની કામગરી વિષે માહિતી આપી. અન્ય તમામ શિક્ષકોએ પોતાનો પરિચય આપીને પોતાની કામગરી વિશે માહિતી આપી. ત્યારબાદ દરેક વિદ્યાર્થીઓએ ટૂંકમાં પોતાનો પરિચય આપ્યો. કોલેજના આચાર્યશ્રી ડો. બી. એચ. પંચાલે બાગાયત ક્ષેત્રનું મહત્વ, રોજગારીની તકો, ડી ટુ ડી વગેરે બાબતોની તલસ્પર્શી માહિતી આપીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને મુજવતા પ્રશ્નોની પણ ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમના અંતમાં ડો. વિ. કે. પટેલે સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો.










